| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૧૨/૦૪/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૮૯ લીટર દેશી દારૂ, ૭૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૫૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૩૭ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૦૧/૨૦૨૫**

**નિકોલઃ** કીરીટભાઈ જીવાભાઈ પટેલીયા (રહે. શ્રીધર ફલોરા ફ્લેટ અમરજવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૧૧/૦૪/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૨૫ રાતના ૧/૪૫ થી સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ કઠવાડા ચાર રસ્તા પાસે ધ એલન ટાઉન કોમ્પલેક્ષના પાચમાં માળે દુકાન નંબર-૫૧૧ માં આવેલ ધ એલન રેસ્ટોરન્ટના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ રેસ્ટોરન્ટમાં પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** જુનૈદ સાજીદભાઇ જાવરાવાલા (રહે. સના-૪ ફ્લેટ કાચની મસ્જીદ આફતાબ બેકરી સામે ગાજીપીર જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી રાતના ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની કાચની બારી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૧૯,૯૬૦/- અને રોકડ રૂપિયા ૧,૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૮૯,૯૬૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.વી.ધંધુકિયા ચલાવે છે.

**સોનાની ચેઈન/દોરો ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૫૦૨/૨૦૨૫**

**સાબરમતીઃ** સીતાબહેન રામુભાઈ પરમાર (ઉ.વ.૫૫) (રહે. ભવસાગર સોસાયટી જવાહર ચોક સાબરમતી) તા.૧૧/૦૪/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી કોલેજ રોડ સારંગપુર ચણીયા હાઉસ નામની દુકાન નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સીતાબહેન પરમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સીતાબહેન પરમાર એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

**એરપોર્ટઃ** સુશિલ ચેતનદાસ જમતાણી (ઉ.વ.૩૬) (રહે. કે.જી પાર્ક સોસાયટી હાંસોલ સરદારનગર) તા.૧૦/૦૪/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે ઇન્દીરાબ્રિજ સર્કલ યુ ટર્ન લઇ એરપોર્ટ તરફ જતા દયાલબાગ સોસાયટી સામેથી પત્ની સાથે એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ભેગા મળી સુશિલ જમતાણીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૯૫,૦૦૦/– તથા સુશિલ જમતાણીના પત્નીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુશિલ જમતાણીએ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૫૦૩/૨૦૨૫**

**નિકોલઃ** અમિત છગનભાઇ વિરડીયા (ઉ.વ.૪૨) (રહે. રોયલ રીપોસ ભક્તિ સર્કલ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૪/૨૦૨૫ સવારના ૮/૧૫ થી રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ એસ.પી રીંગ રોડ કઠવાડા જી.આઇ.ડી.સી પાસે ગેલેક્ષી હાઇટસની સામે ટૉરેન્ટ પાવરની બાજુમા હોટલ હિલ પાર્ક રૂમ નંબર–૫૧૭ ખાતે પંખા સાથે કાપડ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભરતકુમાર અજાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી